ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૧ જુલાઈ ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ







## ચાર સદીની ઐતિહાસિક વિરાસત સાથે વિકાસના માર્ગે આગળ વધતું આંકલાવ તાલુકાનું ગામ લાલપુરા

# ગાયકવાડી શાસનથી માંડી આંકલાવ તાલુકા સુધીની સફર, પરંપરા, એકતા અને શાંતિપૂર્ણ ગ્રામ્ય જીવન માટે જાણીતું ગામ લાલપુરા




**જિલ્લા મથક આણંદથી અંદાજે ૪૦ કિલોમીટર અને આંકલાવથી માત્ર ૫ કિલોમીટર જેટલા અંતરે આવેલું ગામ વેપાર, શિક્ષણ, આરોગ્ય અને અન્ય જરૂરી સેવાઓની અનુકૂળ ધરાવે છે**

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં આવેલું લાલપુરા ગામ ઐતિહાસિક વારસા, ભૌગોલિક સુલભતા અને સામાજિક એકતાના કારણે વિશિષ્ટ ઓળખ ધરાવે છે. ગામના વયોવૃદ્ધોના જણાવ્યા મુજબ લાલપુરાનો ઈતિહાસ આશરે ચારસો વર્ષ જેટલો જૂનો છે. ગાયકવાડી શાસન દરમિયાન આ ગામ વડોદરા રાજ્યના તાબામાં આવતું હતું અને તે સમયથી જ અહીં માનવ વસવાટ સાથે ખેતી, પશુપાલન અને ગ્રામ્ય સંસ્કૃતિનો વિકાસ થયો હતો. હરિયાળી અને સમૃદ્ધિથી ભરપૂર આ ગામ સમયાંતરે અનેક રાજકીય અને વહીવટી પરિવર્તનોનો સાક્ષી બન્યું છે.

દેશને આઝાદી મળ્યા બાદ લોકશાહી વ્યવસ્થા અમલમાં આવતાં વહીવટી પુનર્ગઠન હેઠળ લાલપુરાનો સમાવેશ બૃહદ ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જિલ્લાના વિભાજન અને નવા તાલુકાઓની રચના દરમિયાન લાલપુરા ગામને આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં સ્થાન મળ્યું. આજે આ ગામ વિકાસની નવી દિશામાં આગળ વધી રહ્યું છે, છતાં પોતાના ઐતિહાસિક મૂળ અને પરંપરાગત મૂલ્યોને જાળવી રહ્યું છે.

ભૌગોલિક રીતે પણ લાલપુરાનું સ્થાન મહત્વપૂર્ણ ગણાય છે. તાલુકા મથક આંકલાવથી ગંભીરા તરફ જતાં મુખ્ય માર્ગ પર આવેલું હોવાથી ગામમાં અવરજવર સરળતાથી થઈ શકે છે. જિલ્લા મથક આણંદથી અંદાજે ૪૦ કિલોમીટર અને આંકલાવથી માત્ર ૫ કિલોમીટર જેટલા અંતરે આવેલું ગામ વેપાર, શિક્ષણ, આરોગ્ય અને અન્ય જરૂરી સેવાઓ માટે અનુકૂળ સ્થિતિમાં છે. માર્ગ સુવિધાના કારણે આસપાસના ગામો સાથે પણ લાલપુરાનો સતત સંપર્ક જળવાઈ રહે છે.

લાલપુરા માત્ર ઐતિહાસિક ગામ જ નહીં, પરંતુ સામાજિક સમરસતાનું પણ ઉત્તમ ઉદાહરણ છે. ગામમાં મુખ્યત્વે ક્ષત્રિય સમાજની વસ્તી છે, જ્યારે પટેલ, બ્રાહ્મણ, પ્રજાપતિ, વાળંદ, વણકર સહિત વિવિધ સમાજના લોકો વર્ષોથી પરસ્પર ભાઈચારા અને સૌહાર્દના વાતાવરણમાં વસવાટ કરે છે. દરેક સમાજના લોકો ગામના સામૂહિક વિકાસમાં સક્રિય સહભાગી બની ગામની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવે છે. શાંતિપૂર્ણ વાતાવરણ, સ્વચ્છતા, પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી અને સામાજિક સંસ્કારો લાલપુરાની આગવી ઓળખ બની રહ્યા છે. તહેવારો હોય, ધાર્મિક પ્રસંગો હોય કે સામાજિક કાર્યક્રમો - દરેક પ્રસંગે સમગ્ર ગામ એક પરિવારની જેમ સાથે ઊભું રહે છે. આ પરસ્પર સહકાર અને એકતા જ લાલપુરાને અન્ય ગામોથી અલગ ઓળખ અપાવે છે.

ઇતિહાસની અમૂલ્ય ધરોહર, ભૌગોલિક સુલભતા, સાંસ્કૃતિક પરંપરા અને સામાજિક એકતાના મજબૂત પાયા પર ઉભેલું લાલપુરા ગામ આજે પણ પોતાના ગૌરવશાળી ભૂતકાળને જાળવી રાખતાં આધુનિક વિકાસ તરફ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. ગામની આ વિરાસત આવનારી પેઢીઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત બની રહે તેમ છે.

## લાલપુરા ટાઉન ટોક

### -: લાલપુરા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુટુંબોની કુલ સંખ્યા | 360 |
| કુલ વસ્તી | 1735 |
| કુલ પુરૂષો | 905 |
| કુલ સ્ત્રીઓ | 830 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 83.09 |
| પુરૂષ સાક્ષરતા દર | 91.06 |
| સ્ત્રી સાક્ષરતા દર | 74.63 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 146 |
| ખેત મજૂર | 335 |
| સીમાંત વર્ગ | 131 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 139 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 200 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 597 |
| ગાય | 145 |
| ભેંસ | 358 |
| અન્ય | 94 |

### -: જમીન ક્ષેત્રફળ :-

311 હેક્ટર 27 આરે 19 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 03 હેક્ટર 81 આરે 72 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર  2. તમાકુ
3. બાજરી  4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 182 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 702 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 702 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 12 |
| ખેતી વિષયક જોડાણ | 23 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 150 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 294 |
| BPL કાર્ડ ધારકો | 165 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 46 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 77 |
| વિધવા સહાય | 53 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 00 |



# લાલપુરાના ખેડૂતો માટે કેળાંની ખેતી સમૃદ્ધિનો મુખ્ય આધાર

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના લાલપુરા ગામે ખેતી ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી છે. પરંપરાગત રીતે તમાકુની ખેતી માટે જાણીતા આ ગામના ખેડૂતો છેલ્લા ઘણા વર્ષોથી કેળાંની ખેતી દ્વારા પણ આર્થિક સમૃદ્ધિના નવા શિખરો સર કરી રહ્યા છે. આધુનિક ખેતી પદ્ધતિ, વૈજ્ઞાનિક અભિગમ અને ગુણવત્તા પર ભાર મૂકતાં ખેડૂતો દર વર્ષે મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે.

ગામના મોટાભાગના ખેડૂતો પોતાની જમીનમાં મોટા પાયે કેળાંની ખેતી કરે છે. એક એકર જમીનમાંથી અંદાજે રૂ. ૩ થી ૩.૫ લાખથી વધુ મૂલ્યનું કેળાંનું ઉત્પાદન મેળવી ખેડૂતો સારી આવક હાંસલ કરી રહ્યા છે. ગામમાંથી દર વર્ષે હજારો ટન કેળાંનું ઉત્પાદન થતું હોવાથી લાલપુરા હવે કેળાંના ઉત્પાદન માટે પણ ઓળખ પામતું ગામ બની રહ્યું છે.

ખેડૂતોએ બાપ-દાદાના સમયથી ચાલતી પરંપરાગત ખેતી સાથે આધુનિક તકનીકોનો સમન્વય સાધ્યો છે. સુધારેલી જાતો, ટપક સિંચાઈ, સંતુલિત ખાતર વ્યવસ્થા અને પાક સંભાળની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવાના પરિણામે ઉત્પાદન અને ગુણવત્તા બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે. ઉત્તમ ગુણવત્તાને કારણે અહીંનું કેળું સ્થાનિક બજાર ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં પણ મોકલવામાં આવે છે, જેના કારણે ખેડૂતોને વધુ સારો ભાવ પ્રાપ્ત થાય છે.

લાલપુરાના ખેડૂતો માટે કેળાંની ખેતી આજે માત્ર એક પાક નહીં, પરંતુ આર્થિક સ્થિરતા અને સમૃદ્ધિનું પ્રતીક બની છે. પરંપરાગત તમાકુની ખેતી સાથે કેળાંની સફળ ખેતી અપનાવી ખેડૂતો આવકના નવા સ્ત્રોત ઊભા કરવામાં સફળ રહ્યા છે. ઉત્પાદન ક્ષમતા, ગુણવત્તા અને બજાર વ્યવસ્થાને કારણે લાલપુરાનું કેળું કૃષિ ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન બનાવી રહ્યું છે. ગામના પ્રગતિશીલ ખેડૂતોનો આ પ્રયાસ અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બની રહ્યો છે.

